પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૩૧ | ૨૧ જુલાઈ, ૨૦૧૭, શુક્રવાર ; અષાઢ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### માયાવતીનુ રાજીનામુ મંજુર

બસપાના સુપ્રિમો માયાવતીએ ગુરૂવારે રાજયસભા કાર્યાલયને જોઈએ તેવા મુસદ્દામાં રાજીનામુ લખી મોકલ્યુ હતુ. જેને મંજુર કરાયાનુ જાહેરનામુ રાજયસભા કાર્યાલય તરફથી પ્રસિદ્ધ કરાયુ છે.

### અજીત ડોભાલ ર૬મીએ ચીન જશે

ભારત સરકારના સંરક્ષણ સલાહકાર અજીત ડોભાલ ૨૬મીએ ચીન જશે. તેઓ બેજીંગ ખાતે સંરક્ષણ અધિકારીઓ તથા વિદેશ મંત્રાલયના અધિકારીઓ સાથે વાતચીત કરી સરહદ પર ખડકાયેલા શસ્ત્રોની ફરિયાદ કરશે.

### ડીજીએમઓ વચ્ચે પુનઃ વાતચીત

ભારત-પાકિસ્તાનના ડીજીએમઓ વચ્ચે વાતચીત યોજાઈ હતી. જેમાં ભારત તરફથી ફરિયાદ કરાઈ હતી કે પાકિસ્તાન નિર્દોષ નાગરિકોને લક્ષ્યાંક બનાવી ગોળીબાળ કરે છે જે યોગ્ય નથી.

### કાશ્મીરના ડોડામાં વાદળ ફાટતાં છ ના મોત

પર્વતીય વિસ્તારમાં ગુરૂવારે વહેલી સવારે વાદળ ફાટવાની દુર્ઘટનાથી અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. જેમાં છ ના મોત નીપજ્યા હતા અને અસંખ્ય લોકોને ઈજા પહોંચી છે.

# રામનાથ કોવિંદ ૧૪માં રાષ્ટ્રપતિ



## નજીકની સ્પર્ધામાં યુપીએના ઉમેદવાર મીરાકુમાર પર જીત ર૫મીએ શપથવિધિ થશે : એનડીએના ઉમેદવાર રામનાથ કોવિંદને ૬૫.૬૫ ટકા અને મીરાકુમારને ૩૪.૩૫ ટકા મત મળ્યા

નવી દિલ્હી,તા. ૨૦

એનડીએના ઉમેદવાર રામનાથ કોવિંદે આજે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ધારણા પ્રમાણે જ જોરદાર સપાટો બોલાવ્યો હતો. કોવિન્દ હવે ૨૫મી જુલાઈના દિવસે દેશના ૧૪માં રાષ્ટ્રપતિ તરીકે શપથ લેશે. કોવિંદે યુપીએના ઉમેદવાર મીરા કુમારન ૩૪.૩૫ ટકા મતથી હાર આપી હતી. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જીતી ગયા બાદ રામનાથ કોવિંદે કહ્યુ હતુ કે તેઓ તેમને ટેકો અન સમર્થન આપવા માટે તમામનો આભાર માને છે. ૧૭મી જુલાઈના દિવસે રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાન થયુ હતુ. મતગણતરીની પ્રક્રિયા આજે સવારે શરૂ થયા બાદ ભારે ઉત્સુકતા શરૂઆતથી દેખાઈ હતી. આખરે ધારણા પ્રમાણે જ કોવિંદે બાજી મારી હતી. સવારે ૧૧ વાગ સંસદ ભવનમાં મતગણતરીની શરૂઆત થઈ હતી. નવા રાષ્ટ્રપતિ ચૂંટી કાઢવા માટે આશરે ૯૯ ટકા મતદાન થયુ હતુ. મતગણતરીમાં કોવિંદને ૬૫.૬૫ ટકા મત મળ્યા હતા. જ્યારે યુપીએના ઉમેદવાર મીરા કુમારને ૩૪.૩૫ ટકા મત મળ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# ઓરિસ્સામાં પુરની સ્થિતિ વધુ વણસી : ૪ના મોત

## રાયગઢ જિલ્લામાં મોટી નદીઓમાં ગાબડા પડી ગયા બચાવ અને રાહત કામગીરીમાં હવાઈ દળ, સીઆરપીએફની સહાય લેવાઈ : મોતનો આંક વધે તેવી શક્યતા



નવી દિલ્હી,તા. ૨૦

બંગાળના અખાતમાં લો પ્રેશરની સ્થિતીના કારણે ઓરિસ્સામાં હવે પુરની સ્થિતી સર્જાઈ ગઈ છે. ઓરિસ્સામાં ભારે વરસાદ બાદ પુરના કારણે સ્થિતી વધારે વણસી ગઈ છે. ૧૨ જિલ્લામાં એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. મોતનો આંકડો વધીને પાંચ ઉપર પહોંચી ગયો છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. અનેક વિસ્તારોમાં રસ્તા પાણીમાં ડુબી ગયા છે. ભારતીય હવાઈ દળ અને કોસ્ટ ગાર્ડની મદદ લેવામાં આવી રહી છે. રાહત સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

# હિમાચલમાં બસ ખીણમાં પડતા ૩૬ના મોત

## ૩૦૦ મીટર ઉંડી ખીણમાં બસ ખાબકી ગઈ : બચાવ અને રાહત હાથ ધરાઈ : બધા ઇજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડાયા

શિમલા,તા. ૨૦

હિમાચલ પ્રદેશમાં સોલાનથી કિન્નોર તરફ જતી બસ ૩૦૦ મીટર ઉંડી ખીણમાં ખાબકી જતા ઓછામાં ઓછા ૩૬ લોકોના મોત થયા છે અને અન્ય મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણો હાથ ધરવામાં આવી છે. આ બનાવ શિમલાના રામપુર નજીક બન્યો હતો. બનાવની જાણ થતાની સાથે જ બચાવ અને રાહત ટુકડી ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઘાયલ થયેલા લોકોની સંખ્યા અંગે હાલમાં કોઈ માહિતી મળી શકી નથી. ઘાયલ થયેલા લોકોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. કિન્નોર જિલ્લામાં રેકોંગપીઓથી

● અનુસંધાન પાન-૭ પર




# આરજેડી અને જેડીયુ વચ્ચે સમાધાનની શક્યતા નહિવત

પટણા,તા. ૨૦

બિહારના મુખ્યપ્રધાન નીતિશ કુમારે આરજેડી વડા લાલુ પ્રસાદ યાદવ અને નાયબ મુખ્યપ્રધાન તેજસ્વી યાદવની સાથે વાતચીત કરી હતી. મહાગઠબંધન પર તોળાઈ રહેલા સંકટના વાદળોને દુર કરવા માટે આ બેઠક યોજાઈહતી. જો કે બેઠક બાદ પણ મહાગઠબંધનમાં જારી ખેંચતાણ યથાવત છે. જેડીયુ અને આરજેડી વચ્ચે ફરી એકવાર તલવાર ખેંચાઈ ગઈ છે. આવી સ્થિતીમાં તેમની વચ્ચે સમાધાનની શક્યતા ઓછી દેખાઈ રહી છે.

લાલુ યાદવના નજીકના લોકો માની રહ્યા છે કે મહાગઠબંધનમાં જારી ખેંચતાણ ખતમ થઈ ચુકી છે. બિહારના પૂર્વ પ્રધાન અને લાલુના નજીકના વ્યક્તિ શિવાનંદ તિવારીએ નિવેદન કરતા કહ્યુ હતુ કે મહાગઠબંધનમાં જારી ખેંચતાણનો અંત આવી ગયો છે.

# રાજ્યભરમાં ભારે વરસાદની આગાહી




કચ્છમાં સર્જાયેલ લો પ્રેશર અપરએર સાયકલોનીક સીસ્ટમના કારણે ગુજરાત રાજયમાં આગામી ચાર દિવસ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી હવામાન ખાતા દ્વારા કરવામાં આવી છે. ખાસ કરીને રાજયના સૌરાષ્ટ્ર-કચ્છ સહિતના કેટલાક વિસ્તારમાં અતિ ભારે કહી શકાય તેવા વરસાદની સંભાવના છે. ચાર દિવસ સુધી રાજયના કેટલાક વિસ્તારો અને ક્ષેત્રોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી હોઈ તંત્ર અને તેના માણસોને પણ એલર્ટ કરી દેવાયા છે.

# અમદાવાદમાં જળબંબાકાર

## શહેરમાં ત્રણ કલાકમાં ૪ ઈંચ વરસાદ ખાબકયો : પાંચ અંડરપાસ બંધ કરાયા : વાસણા બેરેજના ચાર દરવાજા ખોલી નખાયા : આંબાવાડીમાં વીજ કરન્ટ લાગતા બે મહિલાના મોત : ટ્રાફિક જામની સ્થિતિ અનો વાહન ચાલકો અટવાયા : અનોક વિસ્તારોમાં ઢીંચણાસમા પાણી ભરાયા



અમદાવાદ, તા.૨૦

અમદાવાદ શહેરમાં આજે બપોર બાદ ભારે ગાજવીજ સાથે શરૂ થયેલા વરસાદે શહેરના તમામ વિસ્તારોમાં જળબંબાકારની પરિસ્થિતિ સર્જી દીધી હતી.શહેરમાં બપોરે ચારના સુમારે શરૂ થયેલા અનરાધાર વરસાદને પગલે અનેક વિસ્તારોમાં પાણી ફરી વળતા શહેરના મીઠાખળી અને અખબારનગર અંડરપાસ સહીતના તમામ અંડરપાસ બંધ કરવાની મ્યુનિસિપલ તંત્રને ફરજ પડવા પામી હતી. આંબાવાડીમાં વીજ કરંટ લાગતા બે મહીલાના મોત થવા પામ્યા છે.અમદાવાદ શહેરમાં બપોરે ચારથી સાત સુધીમાં સાડા ત્રણ ઈંચ જેટલો વરસાદ થવા પામતા અમદાવાદના અનેક વિસ્તારો બેટમાં ફેરવાઈ જવા પામ્યા હતા.આ અંગેની વિગત એવી છે કે,આજે દિવસ દરમિયાન શહેરમાં વાદળછાયા વાતાવરણ બાદ અસહ્ય ઉકળાટનો સામનો કરી રહેલા અમદાવાદ શહેરમાં ૪.૩૦ કલાકના સુમારે ધોધમાર વરસાદ તુટી પડતા ચોતરફ જળબંબાકારની પરિસ્થિતિ સર્જાવા પામી હતી.શહેરના સાયન્સ સીટી, સોલા,થલતેજ, વસ્ત્રાપુર, આઈઆઈએમ, પાંજરાપોળ સહીત લો-ગાર્ડન અને આસપાસના વિસ્તારોમાં આવેલી અનેક સોસાયટીઓમાં ભારે વરસાદને પરિણામે ઢીંચણસમા પાણી ભરાઈ જવા પામ્યા હતા.બીજી તરફ આજે બપોર બાદ શરૂ થયેલા અનરાધાર વરસાદને પગલે શાળા-કોલેજો ઉપરાંત ધંધાના સ્થળેથી કામ આટોપી લઈ લોકો પરત ફરી રહ્યા હતા તે સમયે ભારે વરસાદને પગલે શહેરના દરેક રસ્તા ઉપર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાવા પામ્યા હતા કલાકો સુધી શહેરના તમામ રસ્તાઓ ઉપર ટ્રાફિક

● અનુસંધાન પાન-૭ પર

SHRADDHADEEP GREEN CROSS
PATHOLOGY LABORATORY
Mahendra Gajjar, Microbiologist Phone : 098255 83898 | Dr. Dinesh Rathod, M.D. (Path.) Phone : 099250 29899
દર બીજા અને ચોથા શનિવારે
રોટરી ક્લબ આયોજીત
પ્રથમ ડાયાબીટીસ કેમ્પ
નવી જગ્યાએ.... સેક્ટર-૨૦
પ્લોટ નં. ૨૯૪, પહેલો માળ, પ્રમુખ એપાર્ટમેન્ટ, અમુલ પાર્લર ઉપર, સેક્ટર-૨૧-૨૦ રોડ, સેક્ટર-૨૦, ગાંધીનગર
ફોન : ૯૯૧૩૬ ૯૫૯૫૫

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય



આનંદી મૈઁા ના વડલે સવાલાખ રૂદ્રાક્ષના દિવ્ય શિવલિંગ ના ભવ્ય દર્શન
કાવિ કમ્બોઈ સ્તંભેશ્વર મહાદેવ ના પ.પૂ મહંતશ્રી ની પ્રેરણા થી
પવિત્ર શ્રાવણમાસ માં
માણસા -મકાખાડ રોડ પર આવેલ
આનંદી માના વડલે
સવાલાખ રૂદ્રાક્ષના દિવ્ય શિવલિંગ ના
ભવ્યાતિભવ્ય દર્શન માટે ભાવભર્યું આમંત્રણ છે.
પ્રારંભ તા.૨૪/૭/૨૦૧૭ને સોમવાર થી સમગ્ર શ્રાવણ માસ દરમ્યાન
સ્થળઃ આનંદીમૈઁાનો વડલો માણસા-મકાખાડ રોડ મુ.તા.માણસા
દિનેશભાઈ.કે વ્યાસ માનદ મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મો.૯૯૭૮૪૦૫૩૭૨
નોંધઃ અભિષેક,લઘુરૂદ્ર,મહાયજ્ઞ તેમજ સ્ટોલ માટે સંપર્ક કરવો

INDIA'S FIRST 5 YEAR WARRANTY* *Conditions apply
Hero
ઓફર સીમિત સમય માટે
ફ્રી* ઈન્સ્યોરન્સ
એક નવો ટેક્સ, શાનદાર નવી કિંમતો.
હીરો ટૂ-વ્હીલર્સ પર બહેતરીન GSTના ફાયદા.
હીરો સ્કૂટર સાથે સવારીનો આનંદ પણ અને બચત પણ.
*શરતોને આધીન



નંદા ઓટોમોબાઈલ્સ (ગુજરાત) પ્રા. લિ.
પ્લોટ નં. 29, G.T.S. રોડ, સેક્ટર-30, ગાંધીનગર. Ph : 2326 0505 / 0506 / 0507, M : 9727754245
શાખા : સરલ હાઈટ્સ, રાયસણ પેટ્રોલ પંપની સામે,સંગાથ ગેટ-વેની પાસે, કુડાસણ, ગાંધીનગર. ૦૭૯-૨૩૬૦૦૯૯૧, ૯૭૨૭૭ ૨૬૦૪૫
Auth. Network : Jay Ambe Auto - Mansa. M : 9586766353, 9427047242 Shivshakti Automobile - Adalaj M : 9574914511 Keshar Bhawani - Chiloda. Ph. : 23273171, 9925228748 Bike Point - Dehgam. M : 9879368694 Shri Uma Automobiles - Chala, Taluka : Chiloda. M : 9898616202, 97246 16202 Shri Ram Enterprises - Rakhial. M : 9979151583, 9712987279.